**પ્રાતઃ સ્મરણીય મુમુક્ષુજીવોના પરમ તારણહાર, પંચમકાળમાં અધ્યાત્મ અમૃતની વર્ષા કરનાર નિષ્કારણ કરુણાશીલ સૌમ્યમૂર્તિ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સમાધિદિન પર તેઓશ્રીના ચરણોમાં કોટી કોટી વંદન**



જે સત્પુરુષોએ જન્મ, જરા, મરણનો નાશ કરવાવાળો, સ્વસ્વરૂપમાં સહજ અવસ્થાન થવાનો ઉપદેશ કહ્યો છે, તે સત્પુરુષોને અત્યંત ભક્તિથી નમસ્કાર છે. તેની નિષ્કારણ કરુણાને નિત્ય પ્રત્યે નિરંતર સ્તવવામાં પણ આત્મસ્વભાવ પ્રગટે છે, એવા સર્વ સત્પુરુષો, તેના ચરણારવિંદ સદાય હૃદયને વિષે સ્થાન રહો!

જે સત્પુરુષોએ સદ્‌ગુરુની ભક્તિ નિરૂપણ કરી છે, તે ભક્તિ માત્ર શિષ્યના કલ્યાણને અર્થે કહી છે. જે ભક્તિને પ્રાપ્ત થવાથી સદ્‌ગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે, અપૂર્વ ગુણ દૃષ્ટિગોચર થઈ અન્ય સ્વચ્છંદ મટે, અને સહેજે આત્મબોધ થાય એમ જાણીને જે ભક્તિનું નિરૂપણ કર્યું છે, તે ભક્તિને અને તે સત્પુરુષોને ફરી ફરી ત્રિકાળ નમસ્કાર હો!

**(શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૪૯૩)**

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૪૬ : અંક–૨૫૭, વર્ષ–૨૩, એપ્રિલ–૨૦૧૯

## અષાઢ સુદ ૧૩, ગુરુવાર, તા.૩૦-૦૬-૧૯૬૬, યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, ગાથા–૬૩-૬૪, પ્રવચન–૨૨

**'પરભાવનો ત્યાગ સંસારત્યાગનું કારણ છે.'**

**जे परभाव चएवि मुणि अप्पा अप्प मुणंति।**
**केवल-णाण-सरुव लइ (लहि?) ते संसारु मुचंति।।६३।।**

ઓ..હો..હો...! એકલું માખણ જ નાખ્યું છે. જે કોઈ ધર્માત્મા **'પરભાવોનો ત્યાગ કરીને...'** વિકલ્પ જે શુભાશુભ રાગ, એ શુભ ને અશુભરાગને છોડીને **'આત્માનો અનુભવ કરે છે...'** જુઓ! ત્યાગધર્મની આવશ્યકતા એમાં બતાવી. ત્યાગધર્મ એટલે એ વિકલ્પનો ત્યાગ. પરભાવ વિકાર પુણ્ય અને પાપ બેય પરભાવ (છે). શુભરાગ એ પરભાવ (છે), એનો ત્યાગ (અને) સ્વરૂપનું અંતર ગ્રહણ. છે ને? **'अप्पा अप्प मुणंति'** આત્મા આત્માને જાણે. વિકારભાવને છોડી ભગવાનઆત્મા આત્માને જાણે. કહે છે, **'તે કેવળજ્ઞાન સહિત પોતાના સ્વભાવને પ્રગટાવીને સંસારથી છૂટી જાય છે.'** સમજાણું?

**'એનો ત્યાગ કરીને વીતરાગ ભાવમાં રમણતા કરવાથી સંવર અને નિર્જરાની પ્રાપ્તિ થાય છે.'** લ્યો! વગેરે ઘણી વાત કરી છે. અહીં તો પછી એણે કહ્યું છે કે, **'સાધકે પહેલાં તો મિથ્યાત્વભાવનો ત્યાગ કરવો જોઈએ. તે માટે બાહ્ય કારણ એવા રાગીદ્વેષી દેવો, પરિગ્રહધારી, આત્મજ્ઞાન રહિત સાધુઓ અને એકાંત કથન કરનાર શાસ્ત્રોની ભક્તિ છોડવી...'** એમ કહે છે. છોડવાનું આવ્યું ને? પરભાવ છોડવાનું. એટલે આ નાખ્યું. છોડવામાં પહેલા કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રની શ્રદ્ધા છોડે. એની વ્યાખ્યા કરી, હોં! રાગી-દ્વેષી દેવોની શ્રદ્ધા છોડે, પરિગ્રહધારી અને આત્મજ્ઞાનરહિત સાધુઓ, આત્મજ્ઞાન વિનાના, એને છોડે, એની શ્રદ્ધા છોડી દયે. એકાંત નય કહેનારા શાસ્ત્રની ભક્તિને છોડી દયે.

**'તીવ્ર પાપથી બચવું.'** પછી સાત વ્યસનનો ત્યાગ (કરે). ઓલું ત્યાગ આવ્યું ખરું ને? **'परभाव चएवि'. 'જુગાર, મદિરાપાન, માંસાહાર, ચોરી, શિકાર, વેશ્યા અને પરસ્ત્રી સેવનની રુચિને મનમાંથી દૂર કરવી, નિયમપૂર્વક ત્યાગ ન કરી શકવા છતાં પણ એમના પ્રત્યે અરુચિ કરવી,...'** અરુચિ તો પેદા કરે. **'અન્યાય સેવનની ગ્લાનિ કરવી અને વીતરાગ સર્વજ્ઞદેવ, નિર્ગ્રંથ આત્મજ્ઞાની સાધુ,...'** હવે સવળા લીધા. **'વીતરાગ સર્વજ્ઞદેવ, નિર્ગ્રંથ આત્મજ્ઞાની સાધુ, અનેકાંતનું કથન કરનાર શાસ્ત્રોની ભક્તિ કરવી. સાત તત્ત્વો જાણીને તેનું મનન કરવું જેથી અનંતાનુબંધી કષાય અને મિથ્યાત્વભાવ દૂર થશે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સ્વરૂપાચરણ ચારિત્રની પ્રાપ્તિ થશે.'** લ્યો, આમાં એણે આપ્યું. અત્યારે આ તકરારી શબ્દ છે.

મુમુક્ષુ :— નવો તકરાર ઊભો કર્યો છે.

ઉત્તર :- મફતમાં ઊભો કર્યો છે. સ્વરૂપાચરણ ચોથે ગુણસ્થાને હોય નહિ. અરે...! આ તે તારા એકડા વિનાના મીંડા જેવી વાતું (છે). આવી વાતુંથી શું પણ (લાભ)? સ્વરૂપ છે એની દૃષ્ટિ થઈ અને સ્વરૂપનું આચરણ અને સ્થિરતા ન હોય તો સામાન્યનું વિશેષ પ્રગટ્યું શું? સામાન્યને વિષય કરનાર દૃષ્ટિ (છે), સામાન્યને વિષય કર્યો એટલે ભેગી થોડી વિશેષતા, સામાન્ય સાથે સ્થિરતા થાય તો એ સ્વરૂપાચરણ છે. આહાહા..! જાણે સ્વનો આશ્રય થઈ જશે તો શુભજોગથી લાભ (માનવાનું) ઊડી જશે. અરે..! ભગવાન! શુભજોગથી કાંઈ નથી (થવાનું), મૂકને, ઈ સ્થૂળ પર છે. શુભજોગ છોડ અને સ્વભાવનો આદર કર તો તને અંતર સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પ્રાપ્તિ થાય.



સ્વરૂપાચરણ ચારિત્ર લાભ. દેખો! ચોથે ગુણસ્થાને સમ્યગ્દર્શન થતાં પરભાવ મિથ્યાત્વ આદિનો ત્યાગ થઈ, અનંતાનુબંધીનો ત્યાગ થઈ અને સ્વરૂપની દૃષ્ટિ, જ્ઞાન અને સ્વરૂપઆચરણનું પ્રગટ થવું થાય. આ ત્યાગ અને ગ્રહણ બેય વાત છે. પછી આગળ વાત લીધી છે. અપ્રત્યાખ્યાનાવરણી, પ્રત્યાખ્યાનાવરણી, સંજ્વલનનો કષાય, નોકષાય, રાગ-દ્વેષ ભાવનો નાશ કરે છે. અંતરંગનો ચૌદ પ્રકારનો ભાવપરિગ્રહ છોડે છે. એ બધું છોડીને એકાંતમાં ધ્યાન કરે છે, એમ કહે છે.

**'જેટલા ભાવ કર્મોના નિમિત્ત થાય છે અને જે અનિત્ય છે તે બધા પ્રત્યે રાગ છોડે છે.'** ભગવાનઆત્મા નિત્યાનંદ પ્રભુ, એનું શરણ લેતાં, એનો આશ્રય લેતાં, એનું ધ્યાન-અનુભવ કરતાં કર્મના સંગે ઉત્પન્ન થયેલા વિકાર. પછી શુભરાગ દયા, દાન, વ્રત હો કે અશુભ હો, બધા અનિત્ય છે, અનિત્ય છે, ક્ષણિક છે, ઉપાધિ છે એને છોડે. નિત્યાનંદનું ધ્યાન કરે અને અનિત્ય રાગને છોડે છે. એમાં '**परभाव चएवि**' આવ્યું ને? પરભાવને છોડે અને '**अप्पा अप्प मुणंति**'. એમાંથી આ નીકળી શકે છે. શું કીધું? વિકારભાવ પુણ્ય-પાપ, શુભાશુભ તે અનિત્ય છે. કેમકે નિમિત્તના લક્ષે થયેલા ક્ષણિક (ભાવ) છે, તેને છોડી '**अप्पा अप्प मुणंति**' નિત્યાનંદ ભગવાનઆત્માને નિર્મળાનંદ પર્યાયથી અનુભવે. સમજાણું કાંઈ? ભારે નાખ્યું છે, હોં! ટૂંકા શબ્દોમાં ઘણું મૂક્યું છે!

**'ઔદયિક, ક્ષાયોપશમિક અને છૂટી જનારા એવા ઔપશમિક ભાવો પ્રત્યે વિરક્ત થઈને ક્ષાયિક અને પારિણામિક જીવત્વભાવને પોતાનો સ્વભાવ માનીને એક શુદ્ધ આત્માની વારંવાર ભાવના કરે છે.'** લ્યો! ઠીક. શું કહે છે? '**परभाव चएवि**' શબ્દ છે ને? પુણ્ય-પાપના વિકલ્પ તો શ્રદ્ધામાંથી છોડે પણ ઉપશમભાવ, ક્ષયોપશમ અને ઉદય; ઉદયભાવ, ક્ષયોપશમ અને ઉપશમ એ ત્રણે પર્યાય છૂટવા લાયક છે. સ્વભાવનો આશ્રય કરતાં ક્ષાયિક પર્યાય પ્રગટે. પારિણામિકભાવ તો પોતે છે. સમજાણું કાંઈ? આહાહા..!

જાણે બીજા દેશમાં રમતા હોઈએ એની આ વાતું છે. બીજો દેશ છે, બીજો દેશ. સમજાણું? 'હમ પરદેશી પંખી સાધુ, આ રે.. દેશ કે નાહિ રે... હમ પરદેશી પંખી સાધુ, આ રે.. દેશ કે નાહિ રે.. આતમ અનુભવ કરીને અમે ઊડી જાશું સિદ્ધસ્વરૂપે રે... હમ પરદેશી પંખી સાધુ... આ રે દેશના નાહિ રે..' પરભાવ વિકલ્પના દેશના અમે નહિ. આહાહા..! પુણ્ય અને પાપના ભાવના

દેશનો આત્મા નહિ, હોં! પ્રભુ! આહાહા..! એ ભગવાન અનંત આનંદનું ધામ સ્વદેશ—સ્વધામ, એમાં અમે જાશું અને આ અમે છોડશું. આહાહા..! જુઓ! આ 'યોગીન્દ્રદેવ' દિગંબર સંત, મહામુનિ જંગલમાં વસવાવાળા! વનના વાઘ, સિંહ ત્રાડ મારીને વાત કરે છે કે, માર્ગ આ છે. સમજાણું કાંઈ? પુણ્ય-પાપના ભાવ, અરે...! વ્યવહાર રત્નત્રય દયા, દાન, ભક્તિનો ભાવ એ પરદેશી ભાવ છે, એ સ્વદેશનો નથી. આહાહા..! કાનને સાચું સાંભળવું પણ કઠણ પડી ગયું. હેં? આહાહા..!

આમ પરમાત્મા પોતે શુદ્ધ ચિદાનંદનું ધામ ભગવાન પડ્યો છે ને! તારા સ્વરૂપમાં તો અનંતા સિદ્ધ ભગવાન બિરાજે છે. અનંતી સિદ્ધની પર્યાયનો પિંડ તો તું છો. એવો ભગવાન જેની શ્રદ્ધા-જ્ઞાનમાં, અનુભવમાં આવ્યો કહે છે, એને શું બાકી રહ્યું? એ પુણ્યના ભાવ—પરદેશ ભાવ, પરદેશી ભાવ (છે). પરદેશી રાજા આવે છે ને શ્વેતાંબરમાં? એ પરદેશી રાજા. પુણ્ય-પાપના ભાવને માનનારો આત્મા એ પરદેશી છે. એકલો પુણ્ય-પાપ વિનાનો ભગવાન પૂર્ણાનંદનો નાથ, એની શ્રદ્ધા-જ્ઞાનવાળો, એ સ્વદેશને માનનારો છે. આહાહા..! સમજાણું કાંઈ?

એક પારિણામિકભાવ આત્માનું ત્રિકાળી જીવત્વ સ્વરૂપ, કારણપ્રભુ, એને પોતાનો જાણી અને એના તરફનું વલણ કરી અનુભવ કરે. કહો, સમજાણું કાંઈ? '**એ જ મોક્ષમાર્ગ છે અને સદાય આનંદામૃતનું પાન કરાવે છે.**' એ જ આત્માનો મોક્ષમાર્ગ (છે), જેમાં સદા મોક્ષમાર્ગમાં અતીન્દ્રિય અમૃતના પાન કરવાવાળો મોક્ષમાર્ગ છે. ન્યાં દુઃખ ને ઝેર ને કંટાળો નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ ઘાણીમાં પીલાવા કાળે, ભગવાનઆત્મામાં રમતું અંદર કરતાં હોય છે. આહાહા...! સમજાણું કાંઈ? જેના પરના લક્ષ છૂટી ગયા છે અને વિકલ્પના ભાવ જેણે છોડી દીધા છે અને સ્વભાવની અંતર રમતે રમતાં અંદર શરીર પીલાય છે. આહાહા..! કેટલાક સાધુને લવણસમુદ્રમાં ઉપાડીને નાખે, બોળે. આમ ટાંગા ઝાલીને બોળે. વેરી દેવ હોય. આહાહા..! અંદર શ્રેણી (માંડીને) સ્વરૂપમાં ચડી ગયા છે. ઉપસર્ગ મટી ગયો, સ્વરૂપમાં ચડી ગયા, શ્રેણી થઈને કેવળજ્ઞાન (પ્રગટે). એ દેહ પડે હેઠે અને પોતે જાય ઉપર. આત્મા જેની પાસે છે એણે હવે શું કરવું? કહે છે. આહાહા..! '**अप्पा अप्प मुणंति**' આત્મા આત્માને જ્યાં અનુભવે ત્યાં શું બાકી અને કામી હોય? આહાહા..! સમજાણું કાંઈ?

એ પછી 'સમયસાર'નો શ્લોક આપ્યો છે. '**શુદ્ધભાવમાં ચાલનાર મોક્ષાર્થી મહાત્માઓએ આ જ સિદ્ધાંતનું સેવન કરવું જોઈએ કે હું સદાય એક શુદ્ધ ચૈતન્યમય પરમ જ્યોતિ સ્વરૂપ છું.**' આ એનો સાર છે. હું તો એક શુદ્ધ પરમચૈતન્ય જ્યોતિ છું. સમ્યગ્દૃષ્ટિ ધર્મીજીવ પોતાને શુદ્ધ ચૈતન્યમય, જ્યોતિમય માને છે. હું વિકલ્પવાળો અને શરીરવાળો એ તો જ્ઞાન કરવા માટે બીજી ચીજ રહી ગઈ, આદરવા માટેની તો આ એક જ ચીજ છે. એ.. ભાઈ! આ પૈસામાં સુખ (નહિ હોય)? કહે છે કે, ઓલા પૈસા કેટલા? કોથળીઓ ભાળીને એને તે દિ' કેટલું સુખ હશે? ઓસરીમાં રૂપિયાના કોથળા! ધૂળમાં સુખ હતું? બધી આકુળતા હતી. ઓહોહો...! જોવે નહિ નજરૂં નાખીને, પથરા અને રૂપાના લક્ષે જોવે કે, આ બધા રૂપાના પથરા પડ્યા છે. જોવું છે ને એને? એ વખતે રૂપિયા જોવા છે કે નહિ? કે અહીં ગરી જાય છે? કેવળજ્ઞાની જોવે છે, ત્રણકાળ ત્રણલોકના રૂપિયા, સોનામહોર બધું જોવે છે, ભગવાનના જ્ઞાનમાં બધું આવે છે. આહાહા..! આવો ચૈતન્ય રત્નાકર જેમાં અનંતા રત્નો પડ્યા છે. હવે આ તો કે દિ' ધૂળના કાંકરા કેટલાક હોય, સંખ્યાત હોય. હેં? ખર્વ, નિખર્વ.. પહેલા મોટું મોટું આવતું ને? પ્રારબ્ધ છેલ્લો.. શું કહેવાય? પરાર્ધ. ખર્વ, નિખર્વ, અંતીમ, મધ્યમ, પરાર્ધ. એમ આવતા, પહેલા શબ્દો આવતા. નિશાળમાં ભણતા ત્યારે. લ્યો! એનો આંકડો મોટો ત્યાં સુધી આવ્યો.

અહીં તો ભગવાનની અંદરમાં તો અનંત અનંત શુદ્ધ રત્નાકરનો દરિયો પ્રભુ આત્મા છે. એક સમયનો વિકાર સંસાર, તેનું લક્ષ છોડી દે. ભગવાન પૂર્ણાનંદનો નાથ, તેનો અનુભવ કરે તો તને શું ફળ નહિ મળે?

સમજાય છે? અલ્પકાળમાં સિદ્ધ થઈને મુક્તિને પામીશ.

૬૪. '**ત્યાગી આત્મધ્યાની મહાત્મા જ ધન્ય છે.**' હવે 'યોગીન્દ્રદેવ' પોતે પ્રમોદમાં આવે છે. આહાહા..!

**धण्णा ते भयवंत बुह जे परभाव चयंति।**
**लोयालोय-पयासयरु अप्पा विमल मुणंति।।६४।।**

એક તો આત્માને લોકાલોકને જાણનારો પહેલો ઠરાવ્યો. સમજાણું કાંઈ? લોકાલોકને પ્રકાશે એમ નહિ. '**लोयालोय-पयासयरु अप्पा विमल मुणंति**' સમજાણું કાંઈ? લોકાલોકનો પ્રકાશ કરનાર. આ સૂર્ય પ્રકાશે છે. સૂર્ય ઘણા પદાર્થને પ્રકાશે છે. આ (જ્ઞાન) સૂર્ય એ સૂર્ય અને બીજા બધા પદાર્થને પ્રકાશે છે. લોકાલોક પ્રકાશ '**अप्पा विमल मुणंति**' લોકાલોક પ્રકાશક, પ્રકાશક એમ શબ્દ છે, હોં! આ આત્મા, આ બધા પ્રકાશો છે, સૂર્ય છે એ પ્રકાશ છે અને એ સૂર્ય આ બધાને પ્રકાશે છે કે આ બધું છે, એ બધાને પ્રકાશનારો, સૂર્ય અને આને પ્રકાશનારો આ પ્રકાશ છે. એટલે કે લોકાલોકને પ્રકાશનારો આત્મા છે, એમ કહે છે. આ સૂર્ય તો કેટલાને પ્રકાશે? સમજાણું? અર્ધ ભાગને (પ્રકાશે). બે સૂર્ય થઈને આવે છે ને?

કહે છે, '**लोयालोय-पयासयरु**' સમજાણું? પહેલો તો આત્માને સિદ્ધ કર્યો કે, આત્મા એટલે શું? લોકાલોકનો પ્રકાશ કરનાર આત્મા. લોકાલોકનો પ્રકાશ કરનારો તે આત્મા. કોઈ ચીજને કરનારો નહિ, કોઈને છોડનારો નહિ, કોઈને ગ્રહનારો નહિ. આહાહા..! એક રાગને ગ્રહવું કે મૂકવું એ એના સ્વરૂપમાં નથી. રજકણને ગ્રહવું (નહિ) એ તો લોકાલોક બધું છે તેનો પ્રકાશક છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**જે પરભાવોનો ત્યાગ કરે છે,...**' અંતરમાં શુભાશુભ રાગને છોડે છે અને લોકાલોક પ્રકાશકર ભગવાનઆત્માને અનુભવે છે. લોકાલોકનો પ્રકાશ કરનારો ભગવાન તું છો. લોકાલોકને કરનારો નહિ, એક રજકણને કરનારો નહિ, એક રાગને રચનારો નહિ, વ્યવહાર વિકલ્પને રચનારો નહિ પણ વ્યવહાર આદિ બધું લોકાલોકમાં જાય છે, એ બધાનો પ્રકાશક ભગવાનઆત્મા છે. આહાહા..!

'**તે ભગવાન, જ્ઞાની...**' '**बुह्य**' છે ને? '**बुह्य**' એટલે જ્ઞાની. મહાત્મા ધન્ય છે. કહે છે, એને ધન્ય છે. આહાહા..! આ એને ધન્ય છે. એને ધન છે અને એને ધન્ય છે. બાકી બધા ભિખારા અને રાંકા છે. ભગવાનઆત્મા લોક અને અલોકનો પ્રકાશ (કરનાર) ચૈતન્યબિંબસૂર્ય, નિરાલંબી, રાગ અને શરીરથી ભિન્ન ચૈતન્યબિંબ પડ્યું છે, આમ લોકાલોકાને પ્રકાશ કરનારો, એવો જે ચૈતન્યનો અનુભવ. રાગાદિ વિકલ્પને છોડીને આને અનુભવે એ જ્ઞાનીઓ જગતમાં ધન્ય છે. પોતે પણ કહે છે, આહાહા..! તારા અવતાર તેં સફળ કર્યા, ભાઈ! એ અવતાર અવતારના અભાવ માટે તારા અવતાર (છે). સમજાણું કાંઈ? હેં? માટે ધન્ય છે. અવતાર પ્રગટ કરવા માટે અવતાર નહિ. એ અવતાર શું ધન્ય (કહેવો)?

જે અવતારમાં લક્ષ્મી મેળવી ને ધૂળ મેળવી ને બાયડી-છોકરા મળ્યા માટે એ અવતાર. એ અવતાર હશે? ખૂબ મેળવ્યું, અમારા બાપ કાંઈ નહોતા મૂકી ગયા, અમે બાહુબળે બધું ભેગું કર્યું. ચાર ભાઈઓ હતા, અમે ચારે પરણ્યા, પહટ્યા, બંગલા (કર્યા). એક એકને બે-બે લાખના બંગલા, પાંચ-પાંચ, દસ-દસ લાખની મૂડી (છે). એ તો ઓછી ગણાય, આપણે ભાઈની અપેક્ષાએ. આપણે આટલું તો ઘણું કહેવાય, બાપા કાંઈ મૂકી ગયા નહોતા. બધું અમે મોટા થઈ, જાતે ઉછરી અને આ મકાનો કર્યા, અમારી શક્તિ પ્રમાણે આ બધું (કર્યું). બે-બે લાખના મકાન, ચાર ભાઈઓને બંગલા છે. સારા વેવાઈ-વેવલા (છે), દીકરી સારે ઠેકાણે પરણાવી છે, છોકરાઓ સારે ઠેકાણે પરણ્યા છે અને ભગવાનની કૃપા છે. આ ભગવાનની કૃપા હશે?

મુમુક્ષુ :— બહુ ધીમેથી અને શાંતિથી વાત કરે.

ઉત્તર :— વાત ધીમેથી કરે. પણ અંદર ગલગલિયાં હોય. એ.. ભાઈ!

આ તો કહે છે, અવતાર તારા ધન્ય છે, હોં! આ..હા..હા..! જેને પરચીજ તો નથી પણ એનો જાણનાર, રાગનો જાણનાર, લોકાલોકનો જાણનાર એવો ચૈતન્યસૂર્ય બિંબ ભગવાન જેને તેં પકડ્યો... આહાહા..! સમજાણું? અને વિમલં '**मुणंति**' એમ. એવા આત્માને

લોકાલોકના પ્રકાશકરની શક્તિવાળો એવો ભગવાનઆત્મા, એને અનુભવે. કહે છે કે, અમે (મુનિઓ) ધન્ય ધન્ય.. મુનિઓ ધન્ય કહીએ છીએ. આહાહા..! સમજાણું કાંઈ? તને આવા ધન્ય કહીએ છીએ, કેવળજ્ઞાન લેવાની તારી તૈયારીઓ થઈ ગઈ. કેવળજ્ઞાનરૂપી લક્ષ્મી. ધનતેરસ. લ્યો, સમજાણું કાંઈ?

**'આત્માનું સ્વરૂપ નિશ્ચયથી પરમ શુદ્ધ છે.'** (આજે) તેરસ છે. ખબર છે ને! **'જ્ઞાન એનું મુખ્ય અસાધારણ લક્ષણ છે.'** ભગવાનઆત્મા શુદ્ધ છે પણ એનું જ્ઞાન અસાધારણ લક્ષણ છે. અસાધારણ એટલે બીજા ગુણ એવા કોઈ હોય નહિ. **'જ્ઞાનમાં એવી શક્તિ છે કે એક જ સમયમાં એ સર્વલોકના છ દ્રવ્યોને તેમના ગુણ પર્યાયો સહિત તથા અલોકને એક સાથે ક્રમરહિત જેમના તેમ જાણી શકે.'** ઓ..હો..હો...! કેવળજ્ઞાન એક સમયમાં ત્રણકાળ ત્રણલોક વ્યવસ્થિત જેમ પડ્યું છે તેમ જાણે. આના અત્યારે વાંધા (છે). કેવળજ્ઞાન આમ જાણે. કેવળજ્ઞાની, ત્યાં નિમિત્ત આવે ત્યારે આવું થાય ત્યારે ભગવાન અનિયતને જાણે. અરે... પ્રભુ! તું શું કહે છે આ? ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર જેને એક સેકંડના અસંખ્ય ભાગમાં ત્રણકાળ ત્રણલોક જાગી ઊઠ્યા. જે ઠેકાણે જે સમયે ભૂતમાં, ભવિષ્યમાં થવાની તે ઠેકાણે તે થશે ત્યાં નિમિત્ત કોણ છે, બધું ભગવાનના જ્ઞાનમાં નિયત નક્કી થઈ ગયું છે. જ્ઞાન કેવળ કોને કહીએ? આ તો (કહે), કેવળજ્ઞાની પહેલાં નિયતને નિયત જાણે અને અનિયત જેવું નિમિત્ત આવશે ત્યાં શું પર્યાય થાશે, એ અનિયતને અનિયત જાણે. અરે...! ભગવાન! તેં સર્વજ્ઞને જાણ્યા જ નથી. આહાહા..! લોકાલોકનો પ્રકાશક એમાં કયો પર્યાય બાકી રહી ગયો કે, આ નહિ થાય, અહીં થશે ત્યારે જાણશે? અહીં કેવળજ્ઞાન થયું ને ત્રણકાળ ત્રણલોક આમ એકસાથે જાણ્યા છે. સમજાણું કાંઈ? એવા આત્માનો નિર્મળ અનુભવ કરવો. એવા આત્માઓને મુનિ પોતે કહે છે કે, પ્રમોદ અને સંમતિ, અનુમતિ આપતાં ધન્ય કહે છે. વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીના ૧૦૮મી જન્મજયંતિ મહોત્સવ પ્રસંગે સુવર્ણપુરી સોનગઢમાં ધાર્મિક કાર્યક્રમ

પૂજ્ય ગુરુદેવશ્રીના મહાપુરાણના પાત્ર એવા પૂજ્ય નિહાલચંદ્રજી સોગાનીજીની આગામી ૧૦૮મી જન્મજયંતિ તેઓશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરીમાં તા.૧૩-૫-૨૦૧૯થી તા.૧૫-૫-૨૦૧૯ સુધી ત્રણ દિવસના ધાર્મિક કાર્યક્રમ સહિત અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ ધાર્મિક કાર્યક્રમ સોનગઢ સ્થિત 'ગુરુ-ગૌરવ' હૉલમાં ઉજવવામાં આવશે.

આ પ્રસંગે સવારમાં પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા (આશ્રમમાં), જિનદર્શન તથા પૂજન જિનમંદિરમાં, પૂજ્ય ગુરુદેવશ્રીનું સી.ડી. પ્રવચન સ્વાધ્યાય મંદિરમાં, ત્યારબાદ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' ઉપરના પ્રવચન 'ગુરુ-ગૌરવ' હૉલમાં, બપોરે પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન, પૂજ્ય સોગાનીજીનો ગુણાનુવાદ 'ગુરુ-ગૌરવ' હૉલમાં, સાંજે પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ત્યારબાદ 'ગુરુ-ગૌરવ' હૉલમાં ભક્તિ તથા સાંસ્કૃતિક કાર્યક્રમો સહિત ઉજવવામાં આવશે.

તા.૧૫-૫-૨૦૧૯, પૂજ્ય સોગાનીજીના જન્મજયંતિ દિને પૂજ્ય ભાઈશ્રીના પ્રવચન બાદ જન્મવધામણા તથા ભક્તિ કરવામાં આવશે.આ પ્રસંગમાં ભારતવર્ષીય સર્વ મુમુક્ષુ-ભાઈ-બહેનોને પધારવા માટે હાર્દિક નિમંત્રણ છે. આવનાર મુમુક્ષુઓ સંખ્યા સહિત પોતાની આવવાની વિગત સંસ્થાના કાર્યાલયમાં જણાવે તેવી વિનંતી.

સંપર્ક :— શ્રી સત્સુખ પ્રભાવક ટ્રસ્ટ, ૫૮૦, જૂની માણેકવાડી, ભાવનગર-૩૬૪૦૦૧

આયોજક :— શ્રી સત્સુખ પ્રભાવક ટ્રસ્ટ, ભાવનગર



**પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પરમાગમસાર ગ્રંથના બોલ-૫૦૫ ઉપર થયેલ ભાવવાહી પ્રવચન, તા. ૭-૦૪-૧૯૮૪, પ્રવચન નં. ૨૯૨ (વિષય : ભેદજ્ઞાન)**

**પ્રશ્ન :- રાગ અને આત્માની સૂક્ષ્મ સંધિ દેખાતી નથી, બીજા વિચારો આવ્યા કરે છે તો પ્રજ્ઞાછીણી કેમ મારવી?**

**ઉત્તર :- પોતે ઊંધો પુરુષાર્થ કરે છે તેથી બીજા વિચારો આવ્યા કરે છે. પુરુષાર્થ કરીને ઉપયોગને સ્વભાવ સન્મુખ સૂક્ષ્મ કરે તો આત્મા અને બંધની સંધિ દેખાય અને જુદા પાડી શકે છે. ૫૦૫.**

૫૦૫ ચાલે છે. પ્રશ્નકારે એ પ્રશ્ન કર્યો છે કે અમને જ્યાં '**રાગ અને આત્માની...**' રાગ અને જ્ઞાનની '**સંધિ દેખાતી નથી,...**' ત્યાં અંતરંગમાં ભેદજ્ઞાન કરવા માટે પ્રજ્ઞાનો ઉપયોગ કેવી રીતે કરવો? આ પ્રશ્ન છે. પ્રજ્ઞાએ કરીને ગ્રહવો એ સમયસારના સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારમાં ગાથાઓ છે. રાગથી જુદો પાડવો અને રાગ અને જ્ઞાનની વચ્ચે જુદા પાડવારૂપ પ્રક્રિયા તે પ્રજ્ઞાનું કાર્ય છે. અહીં પ્રજ્ઞાને છિણીની ઉપમા આપી છે. ધારદાર સાધન છે એટલે અહીંયાં સૂક્ષ્મ જ્ઞાન છે તો એ કેવી રીતે કાર્ય કરવું? અંતરંગમાં આવું આત્માના પરમાર્થભૂત કાર્ય કેવી રીતે કરવું? એ પ્રશ્ન છે અહીંયાં. એટલે બહુ મુદ્દાનો પ્રશ્ન છે. તેનો ઉત્તર કહે છે. થોડું ચાલી ગયું છે. ફરીને લઈએ છીએ.

'**ઉત્તર :- પોતે ઊંધો પુરુષાર્થ કરે છે તેથી બીજા વિચારો આવ્યા કરે છે.**' શું કહે છે? કે '**પોતે ઊંધો પુરુષાર્થ કરે છે તેથી...**' તત્ત્વનો વિચાર કરતાં પણ '**બીજા વિચારો આવ્યા કરે છે.**' અથવા અંતરંગમાં ભેદજ્ઞાન કરવાનું કાર્ય થવાને બદલે કાંઈને કાંઈ વિકલ્પ વિચાર ચાલ્યા કરે છે. શું કહેવું છે? કે અંતરંગમાં ભેદજ્ઞાન થવાને બદલે માત્ર વિચાર અને વિકલ્પ જ ચાલે છે એનું કારણ શું? કે એનું કારણ પોતાનો ઊંધો પુરુષાર્થ છે.

પુરુષાર્થના વિષયમાં કોઈ ભૂલ ન કરે એટલે એ વિષયમાં આગળ એક બોલમાં સ્પષ્ટતા આવી ગઈ. કોઈએ ત્યાં એવો પ્રશ્ન કર્યો છે કે આ અમારો પુરુષાર્થ ઓછો છે માટે એ કાર્ય નથી થતું? કે ઊંધો છે માટે કાર્ય નથી થતું? કેમકે શાસ્ત્રાદિનું અધ્યયન અને આત્મસ્વરૂપનું ચિંતવન-મનન કરનારને એમ લાગે કે હું પુરુષાર્થ તો કરું છું, પણ મારો પુરુષાર્થ ઓછો પડે છે એટલે કાર્ય નથી થતું એવું કાંઈક લાગે છે. એને સ્પષ્ટ કરે છે કે પુરુષાર્થ ઊંધો છે. ઓછો પુરુષાર્થ છે એ વાત નથી, પણ અહીંયાં ઊંધો પુરુષાર્થ છે.

જ્યાં સુધી આત્માનો યથાર્થ નિર્ણય નથી થયો, આત્માનો યથાર્થ નિર્ણય થઈને લક્ષ બંધાયું નથી, સ્વરૂપનો નિશ્ચય થયો નથી, ઓળખાણ થઈ નથી ત્યાં સુધી પુરુષાર્થ ઓછો છે એ વાત નથી, પણ એ પુરુષાર્થ

ઊંધો છે એ વાત છે. એક એક શબ્દ બહુ સમજણપૂર્વક છે. '**પોતે ઊંધો પુરુષાર્થ કરે છે...**' ઊંધો પુરુષાર્થ એટલે શું પણ? અહીંયાં તો સ્વાધ્યાય કરે છે, ધંધાથી નિવૃત્તિ લીધી છે.

મુમુક્ષુ :— દરરોજ મંદિર આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :— મંદિરે આવીને પૂજા, ભક્તિ, સ્વાધ્યાય કરે છે. વળી ઘરે શાસ્ત્ર અધ્યયન, સ્વરૂપનું ચિંતવન વગેરે કરે છે એમાં ઊંધો પુરુષાર્થ શું? તત્ત્વજ્ઞાનનો જ અભ્યાસ છે આ તો.

કહે છે કે જે બહિર્મુખ દિશામાં પરિણામ ઉપરનું જોર; પરિણામને સુધારવાનું પ્રયોજન હોવા છતાં પરિણામ ઉપરનું જોર કામ નહિ લાગે એમ કહે છે. એ પરિણામ ઉપરનું જોર એ ઊંધો પુરુષાર્થ છે. વિકલ્પ ઉપરનું જોર એ ઊંધો પુરુષાર્થ છે. વિકલ્પમાં આગળ વધવું એ ઊંધો પુરુષાર્થ છે અને પરલક્ષી શાસ્ત્ર અધ્યયનના જ્ઞાનમાં આગળ વધવું તે બધો ઊંધો પુરુષાર્થ છે. કેમકે દિશા ઊંધી છે. પુરુષાર્થને સવળા-અવળામાં દિશા સાથે સંબંધ છે. પુરુષાર્થ તો પુરુષાર્થ જ છે. ફક્ત જે બહિર્મુખ દિશા છે એ ઊંધા પુરુષાર્થની સ્થિતિ છે અને અંતર્મુખ જે દિશા છે એ સવળા પુરુષાર્થની સ્થિતિ છે. આમ પુરુષાર્થમાં બેમાંથી એક પ્રકાર હોય છે, કોઈ ત્રીજો પ્રકાર એમાં ક્યારેય હોતો નથી કે થતો નથી.

એટલે અહીંયાં એમ કહે છે કે પોતે બહારની દિશા, અંતરંગ દિશા છોડીને બહારની દિશા બાજુના જોરમાં છે, પુરુષાર્થ કરે છે એટલે જોરમાં છે, વેગમાં છે એટલે એને બીજા બીજા વિચારો આવ્યા કરે છે. બીજા વિચારો આવવાનું આ કારણ છે એમ કહેવું છે.

'**પુરુષાર્થ કરીને ઉપયોગને સ્વભાવ સન્મુખ કરે...**' હવે આ પુરુષાર્થ ક્યારે થાય? એ માટે આપણે કાલે ૨૧૦ નંબરનો બોલ લીધો હતો. ૨૧૦ ફરીને લઈએ. '**પુરુષાર્થ કરીને...**' કેમકે અહીંયાં વાત એકદમ ટૂંકાવીને મૂકી છે. ત્રણ લીટીમાં તો ઉત્તર આપી દીધો છે. એટલી સંક્ષેપમાં વાત આવી છે.

૫૯ પાને છે ને? '**પહેલાં આ (દ્રવ્યસ્વભાવ)...**' આ એટલે આ દ્રવ્યસ્વભાવ. '**શ્રદ્ધામાં, જ્ઞાનમાં, રુચિમાં અને લક્ષમાં આવવું જોઈએ.**' પહેલાં એટલે સમ્યગ્દર્શન પહેલાં. એ નીચેની વાતથી સ્પષ્ટ થાય છે. પહેલાનો અર્થ ત્યાં સમ્યગ્દર્શન પહેલાંની વાત છે એ પોતે નીચે સ્પષ્ટ કરે છે. એટલે પહેલાનો અર્થ એમ કરવો.

સમ્યગ્દર્શન પહેલાં એના જ્ઞાનમાં, એના લક્ષમાં આવવું જોઈએ. જો જ્ઞાનમાં ઓળખાણ થાય, પ્રતિભાસ થાય, તો એનું લક્ષ બંધાય જ્ઞાનમાં ને જ્ઞાનમાં. લક્ષ બંધાય ત્યારે સાથે સાથે અનંતગુણની રુચિ અનન્યભાવે ઉપડે, ઉત્પન્ન થાય, એને ત્યાં શ્રદ્ધામાં આવ્યું એમ કહેવામાં આવે છે. એ નિર્વિકલ્પ પ્રતીતિની વાત નથી, પણ વિશ્વાસ આવી ગયો કે જ્ઞાનની જ પર્યાય છે. આમ તો આ બધી જ્ઞાનની પર્યાય છે. શ્રદ્ધા, જ્ઞાન, રુચિ અને લક્ષ. અહીંયાં બધી જ્ઞાનની પર્યાય છે. એ પંચાધ્યાયીમાં લીધું છે. પંચાધ્યાયીમાં એવા શબ્દ પડ્યા છે.

પંચાધ્યાયી ઉત્તરાર્ધ. સમ્યગ્દર્શન પહેલાંની ત્યાં વાત ચાલી છે. એમાં ચોખ્ખા શબ્દે લીધું છે ત્યાં શ્રદ્ધા, રુચિ, પ્રતીતિ, વિશ્વાસ એવા બધા શબ્દો લીધા છે અને ત્યાં પછી ગુરુદેવને પ્રશ્ન પૂછ્યો હતો એના ઉપર કે આવા શબ્દો અહીંયાં છે અને તે બધી જ્ઞાનની પર્યાય છે એમ લખ્યું છે તો એમ કેમ છે? બહુ સ્પષ્ટ લખ્યું છે કે આ બધી અહીંયાં જ્ઞાનની પર્યાય છે. એમ કેમ છે? ત્યાં સમ્યગ્દર્શન પહેલાંની વાત છે અને ત્યાં જ્ઞાન પ્રધાનતાથી પરિણમન ચાલે છે. એટલે એ જ્ઞાનસ્વરૂપની ઓળખાણ થતાં, જ્ઞાનમાં ઓળખાણ થતાં, જ્ઞાનમાં લક્ષ બંધાતા જ્ઞાનમાં વિશ્વાસ આવ્યો, જ્ઞાનમાં રુચિ ઊપજી, જ્ઞાનના વિષયમાં રુચિ ઊપજી. એટલે એ બધી જ્ઞાનની પર્યાય છે એમ ત્યાં કહ્યું છે.

ગુરુદેવશ્રીનું તો અધ્યયન હતું. આ તો ૧૮૦૦ ગાથાનો ગ્રંથ છે. પંચાધ્યાયી બે ભાગ થઈને લગભગ ૧૭૦૦ ઉપરાંત ગાથાઓ છે. આ ઉત્તરાર્ધ છે ને. ૧૧૦૦-૧૨૦૦ ગાથા તો આમાં જ છે. ૧૧૪૦ આમાં છે અને ૭૦૦ ઉપરાંત પહેલાંમાં છે. લગભગ ૧૮૦૦ ગાથાનો

ગ્રંથ છે. પણ આ જગ્યાએથી પ્રશ્ન છે તો એ જગ્યાએ એમ કેમ છે એ ખ્યાલમાં છે. કેટલા ગ્રંથો વાચ્યા છે. કેટલા ગ્રંથો વાચ્યા છે કે આ પંચાધ્યાયીમાં આ જગ્યાએ આવું કેમ લખ્યું છે? હા, એ જગ્યાએ એ લખ્યું છે એ ખ્યાલ છે. એ સમ્યગ્દર્શન પહેલાંનું ત્યાં પ્રકરણ ચાલે છે એમ કરીને વાત કરી છે. એટલે એ પર્યાય એની છે. ૪૦૦ પહેલાની ગાથાઓ હોવી જોઈએ.

અહીંયાં એવા શબ્દો લીધા છે. '**પહેલાં...**' એટલે સમ્યગ્દર્શન પહેલાં. એમ. શ્રદ્ધામાં, જ્ઞાનમાં, રુચિમાં અને લક્ષમાં આવવું જોઈએ. અહીંયાં 'જો' અધ્યાહાર છે. જો પહેલા એમ થયું હોય તો. તો લીધું ને? એટલે 'જો'ની સાથે સંબંધ ધરાવે છે. '**એના વીર્યમાં સ્વભાવ સન્મુખની સ્ફૂરણા ચાલ્યા કરે,...**' અહીંથી દિશા બદલાણી. '**આ સમ્યક્ પહેલાંની વાત છે...**' સમ્યક્ પહેલાં અહીંથી દિશા ફેર થયો. જેને સમ્યક્ સન્મુખની દશા કહેવામાં આવે છે.

તો પહેલા એને પુરુષાર્થની સ્ફુરણા, પુરુષાર્થ ચાલુ થવાનું જે કાર્ય છે કે જે પુરુષાર્થના સદ્ભાવમાં ભેદજ્ઞાન થાય, દિશા જ્ઞાનની બદલાય અને દિશા પુરુષાર્થની બદલાય અને ભેદજ્ઞાન અંતરંગમાં થાય એવું કાર્ય પુરુષાર્થ કરીને એટલે કે ઓળખાણપૂર્વક પુરુષાર્થ કરીને આત્માના લક્ષપૂર્વક પુરુષાર્થ કરીને, સ્વભાવની સન્મુખ, જે સ્વભાવ જ્ઞાનમાં ઓળખાયો છે, જે સ્વભાવ ઓળખાઈને લક્ષમાં રહી ગયો છે એની સન્મુખ ઉપયોગ સૂક્ષ્મ થાય એટલે એ સ્વભાવને સ્વપણે પોતારૂપે ગ્રહણ કરવામાં આવે જ્ઞાનથી, ઉપયોગથી તો આત્મા અને બંધની સંધિ દેખાય છે. જુઓ! સ્વને જાણતા પર જણાય છે અહીંયાં.

ફરીથી. બહુ સારો વિષય છે. થોડો સૂક્ષ્મ વિષય છે પણ બહુ મુદ્દાનો વિષય છે કે '**પુરુષાર્થ કરીને...**' સ્વસન્મુખના પુરુષાર્થની વાત પહેલાં છે. પુરુષાર્થ સ્વસન્મુખનો ન હોય, નિશ્ચયબળ ન હોય, જ્ઞાનબળ ન હોય તો આ કાર્ય નહિ થાય. એ પુરુષાર્થના કાળમાં સ્વભાવનું લક્ષ છે તેથી તે સ્વભાવ સન્મુખ ઉપયોગને સૂક્ષ્મ કરે. અહીંયાં ઉપયોગ સૂક્ષ્મ થાય છે. કેમકે સ્વભાવ છે એ પોતે સ્વરૂપથી જ સૂક્ષ્મ છે. સામર્થ્યરૂપ તત્ત્વ છે ને. દિવાસળીમાં રહેલી અગ્નિ પોતે સ્વરૂપથી જ અગ્નિસ્વરૂપે સૂક્ષ્મ છે. એ કોઈ ભડકો નથી અગ્નિનો કે સ્થૂળ ઉપયોગથી પણ જણાઈ જાય. પણ એ અગ્નિને નક્કી કરવા માટે એણે ઉપયોગને સૂક્ષ્મ કરવો પડે કે આમાં અગ્નિનો સદ્ભાવ છે. શક્તિરૂપે અગ્નિનો સદ્ભાવ છે એ જાણવા એનો ઉપયોગ તથા પ્રકારે સૂક્ષ્મ થાય છે.

તો અહીંયાં અનંત... અનંત.. અનંતજ્ઞાનનું જે સામર્થ્ય, અનંત સુખનું જે સામર્થ્ય એવા અનંત ગુણનું જે સામર્થ્યરૂપ સ્વભાવ છે એ સ્વભાવની સન્મુખ ઉપયોગને સૂક્ષ્મ કરે એટલે ઉપયોગમાં સ્વભાવને ગ્રહણ કરે કે આ મારું રૂપ છે, હું આવો છું, તો એકલો આત્મા નહિ દેખાય એને. સ્વને જાણતા પર એટલે બંધ જે રાગાદિ ભાવ બંધભાવ છે એની સંધિ સાથેનું જે હોવાપણું છે એની સંધિ તને દેખાશે. સંધિ દેખાશે એટલે બે જુદા છે એમ દેખાશે. સાથે સાથે છે, જોડે જોડે છે. એક જ પર્યાયમાં જ્ઞાન છે અને એક જ પર્યાયમાં રાગ છે. છતાં જ્ઞાન તે રાગ નથી અને રાગ તે જ્ઞાન નથી. આત્માની બંને અવસ્થા હોવા છતાં બંનેમાં એકમાં સ્વભાવ છે અને એકમાં વિભાવ છે એમ બંનેનું જુદાપણું વચ્ચેની સાંધથી જોવામાં આવશે. નહિતર એકમાં રાગમાં પોતે ભળી ગયો છે એવો અનુભવ થાય છે. એના બદલે રાગ જુદો અને જ્ઞાન જુદું એમ બંને જુદું પાડી શકાશે.

આ પ્રકારે પુરુષાર્થથી સ્વભાવ સન્મુખની અંદરમાં ધીરજથી ઉપયોગને સૂક્ષ્મ કરીને અંદર ઉતારતાં... ઉતારતાં... ઉતારતાં.. એને ભેદજ્ઞાનથી બે જુદા પાડી શકાય છે. અને એ જુદા પાડવું એ જ સ્વાનુભવની પૂર્વ પ્રક્રિયા છે. એવી જ સ્વાનુભૂતિ પહેલાની નિયમબદ્ધપણે ક્રિયા હોય છે. બીજી કોઈ અંતરંગ ક્રિયા કે બીજી કોઈ બહિરંગ ક્રિયાથી સ્વાનુભૂતિ સુધી પહોંચાતું નથી.

સ્વાનુભવ જેને કરવો છે એને આ પ્રકારે થશે અને બીજા કોઈ પ્રકારે નહિ થાય. એ વિષયમાં કાંઈ પણ સમજણમાં તો ભ્રમ રહેવો જોઈએ નહિ. નહિતર ગોટાળો

થાશે અને પત્તો લાગશે નહિ. વિષયને, આવા અધ્યાત્મના ઊંડાણમાં રહેલા વિષયને ગુરુદેવશ્રીએ એકદમ ખોલીને ચોખ્ખો મૂકી દીધો છે. સ્પષ્ટ કરી નાખ્યો છે, જાહેર કરીને મૂકી દીધો છે.

જેમ કોઈ સારી ચીજ બજારના ચોકમાં ટીંગાડીને દેખાડવામાં આવે કે ગામ આખાને જોવું હોય તો જોવે. કોહિનુર હીરો આવો છે. એમ અહીંયાં જ્ઞાનીઓના હૃદયમાં રહેલી જે ભેદજ્ઞાનની અંતરંગ ક્રિયા એ ખોલીને મૂકી દીધી છે ચોકની અંદર. આમ થશે અનુભવ, બીજી કોઈ રીતે અનુભવ થાશે નહિ. કાલે ચાલી ગયું છે.

મુમુક્ષુ :- એક પર્યાયમાં જ્ઞાન અને રાગ બે છે એમ કેવી રીતે?

પૂજ્ય ભાઈશ્રી :- એક પર્યાયમાં એટલે આત્માની એક પર્યાયમાં અનંત ગુણની પર્યાય છે. અનંત ગુણ પરિણમે છે ને? તો આત્માની એક સમયની પર્યાયમાં અનંતા ગુણોની પર્યાય છે. એટલે અનંતી પર્યાય છે. જ્યાં જ્યાં જ્ઞાન છે ત્યાં ત્યાં અનંત પર્યાય છે, જે જ્ઞાનગુણની અને બીજા અનંત ગુણની. ૨૨ નંબરનો બોલ જુઓ. ગુરુદેવના બધા શબ્દોનો આધાર છે આમાં.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એક પર્યાય કીધી ત્યાં આત્માની એક પર્યાય અને અનેક પર્યાય કીધી ત્યાં ગુણોની અનેક પર્યાય. એકમાં જ અનેક છે. એમ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- રાગ છે એ ચારિત્રગુણની પર્યાય છે અને જ્ઞાન છે તે જ્ઞાનગુણની પર્યાય છે. ગુણભેદ છે તેમાં.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એક દ્રવ્યમાં છે એક આત્મામાં છે એટલે એક પર્યાયથી લીધું. અહીંયાં નિશ્ચય કેમ કરવો એ વાત છે. અનુસંધાનરૂપે. કેમકે પુરુષાર્થ તો નિશ્ચય કરતા ઉપડે છે ને? દિશા બદલાય છે.

અહીંયાં નિશ્ચય કેમ કરવો એ વાત લીધી છે. '**જાણનપર્યાય અને જાણનગુણ એવા લક્ષણ વડે આત્માને જાણી શકાય...**' છે. અહીંયાં જાણી શકાય છે એટલે ઓળખી શકાય છે '**તે એક જ ઉપાય છે.**' ઓળખવાનો. નિશ્ચય કરવાનો તો એક જ ઉપાય છે. '**બીજો કોઈ ઉપાય નથી. જ્યાં જ્યાં જાણન પર્યાય છે ત્યાં ત્યાં અનંતી પર્યાય છે...**' છે? '**જ્યાં જ્યાં જાણન પર્યાય છે ત્યાં ત્યાં અનંતી પર્યાય છે અને જ્યાં જ્યાં જાણનગુણ છે ત્યાં ત્યાં અનંતગુણ છે અને તે આત્મા છે...**' એ બધું થઈને આત્મા છે. એક ગુણ તે આત્મા નથી, એક પર્યાય તે આત્મા નથી. એકલો જ્ઞાનગુણ તે આત્મા નથી, એક જ્ઞાનની પર્યાય તે આત્મા નથી. પણ ત્યાં રહેલી અનંતા ગુણોની પર્યાય અને ત્યાં રહેલા અનંતા ગુણો તે આત્મા છે '**એમ નિશ્ચય કરવો જોઈએ.**' આપણે નિર્ભ્રાંત દર્શનમાં આ બેય બોલ લીધા છે. બંનેનો આધાર લીધો છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, અહીંયાં આ પ્રમાણનો વિષય થયો. કેમકે અહીંયાં પર્યાય ને ગુણ બધું લઈ લીધું. અનંતી પર્યાય પણ લીધી અને અનંતા ગુણ પણ લીધા. તો પ્રમાણનો વિષય થયો. પણ પ્રમાણમાં સામાન્ય છે એ સમાવિષ્ટ છે. પ્રમાણમાં સામાન્ય આવી જાય છે. સામાન્ય કેવું અને વિશેષ કેવું? એ બેનું સ્પષ્ટ જ્ઞાન તે પ્રમાણજ્ઞાન છે. અહીંયાં પ્રમાણનો વિષય છે નિશ્ચયનો નહિ. અહીંયાં જે વ્યાખ્યા ચાલી છે ઈ. પણ ઓળખાણનો જે વિષય છે, પર્યાયોનો તો પરિચય છે, જીવને પર્યાયોનો તો વ્યક્ત અનુભવ હોવાથી, પ્રગટ હોવાથી એનો પરિચય છે. એક સામાન્યને એણે અનાદિથી ઓળખ્યું નથી. એટલે સામાન્યની ઓળખાણ થાય છે ત્યારે સામાન્ય અને વિશેષ બંનેનું જ્ઞાન થઈ જાય છે, નિશ્ચય થઈ જાય છે ત્યાં.

ઓળખાણમાં નિશ્ચય તે હું એમ થાય છે એનું કારણ શું છે? કે એ ત્રિકાળી છે. એ પોતાનું અસલ કાયમી સ્વરૂપ છે કે જે ફરતું નથી, બદલતું નથી, ફેરફાર વગરનું રહે છે. અને બીજું અંગ છે એ બદલ્યા કરે

છે એમ એનું જ્ઞાન રહી જાય છે. એમ. અને આ જ આશ્રય કરવાયોગ્ય છે, આવા જ પોતાના મૂળ સ્વરૂપથી પોતે અજાણ્યો હતો. જ્યાં પોતાની ગુણસંપત્તિ પડી છે એ આ જગ્યાએ પડી છે. અવસ્થાઓ તો ક્ષણે ક્ષણે થાય છે એમાં વિકૃત અવિકૃત બંને પ્રકાર અત્યારે ભજે છે અને એ બંને પ્રકાર છે એ ક્ષણિક છે, મૂળ વસ્તુ તો આ છે. એ પ્રકારે એને પોતાનું અનાદિથી જે મૂળ અજાણ્યું સ્વરૂપ હતું એ નિશ્ચયમાં આવે છે એમ કહેવાય છે. પણ નિશ્ચયમાં એ આવે છે ત્યારે જ્ઞાન તો એને આખા આત્માનું થઈ જાય છે. પર્યાયનું પણ સાથે જ્ઞાન ન થાય તો નિશ્ચયાભાસ થતા વાર લાગે નહિ.

ત્યાં એને ખ્યાલ છે કે અનાદિથી ઊંધો પુરુષાર્થ હતો, અનાદિથી શ્રદ્ધાન પણ મારું ઊંધું હતું, અનાદિથી જ્ઞાન પણ મારું ઊંધું હતું, મારું આચરણ પણ ઊંધું હતું. આ ચારેય પ્રકાર મારા મુખ્ય ઊંધા હતા. એને હવે જેવું પરિપૂર્ણ સ્વરૂપ છે એવું જ પરિપૂર્ણ સ્વરૂપમાં અનંત પુરુષાર્થ છે, અનંતજ્ઞાન છે, અનંતદર્શન છે, અનંત સ્થિરતારૂપ ચારિત્ર અને સુખ છે, સુખ પણ ચારિત્રમાં જાય છે—અનંત ચતુષ્ટયમાં. એવી જ મારી અવસ્થા થઈ જવી જોઈએ. જેવું દ્રવ્ય છે, જેવો હું છું, દ્રવ્ય છે એટલે જેવો હું છું એવી જ બરાબર અવસ્થા ન થાય ત્યાં સુધી એ ખામી અવસ્થા અંગમાં છે એમ એને બરાબર ખ્યાલમાં રહે છે. તેથી સાધક ક્યારેય પણ નિશ્ચયના ઘણા જોરમાં હોવા છતાં, નિશ્ચયના અત્યંત જોરમાં હોવા છતાં ક્યારેય અવસ્થાના વિષયમાં ભૂલો પડતો નથી કે ભૂલ ખાતો નથી. એની ભૂલ નથી થતી. કેમકે એના સમજણમાં આખો આત્મા કેવો છે એ કાંઈ સમજણ બહાર નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- સામાન્ય એટલે અનંત ગુણ સંયુક્ત. પણ અનંત ગુણના ભેદ તે વિશેષ છે. અનંત ગુણનું એકરૂપ તે સામાન્ય છે. એટલે સામાન્યમાં અનંત ગુણ સમાવિષ્ટ હોવા છતાં જો અનંત ગુણ વિશિષ્ટ સામાન્ય એમ લક્ષમાં આવે તો એ સામાન્ય ત્યાં લક્ષમાં નથી આવ્યું, વિશેષ લક્ષમાં આવ્યું છે. એમ છે.

કેમકે ભેદમાં અભેદનું અવલંબન નથી. ભેદના અવલંબનમાં અભેદનું અવલંબન નથી અને અભેદના અવલંબનમાં ભેદનું અવલંબન નથી. જ્ઞાન ભેદાભેદ બંનેનું હોય, અભેદના અવલંબનવાળાને જ્ઞાન ભેદાભેદ બંનેનું હોય છે. એમાં ભેદ શું એનું જ્ઞાન એને નથી એમ નથી. અનંત ગુણ અને અનંત પર્યાયો શું છે, અભેદ અવલંબન લેવાવાળાને એની ખબર ન હોય એમ નથી. છતાં પણ એને એ ગૌણ કરી જાય છે. ગુણ-પર્યાયના ભેદોને ગૌણ કરી જાય છે. એ ભેદજ્ઞાનનો વિષય થયો.

## સ્વાનુભૂતિપ્રકાશ પત્રિકા સંબંધિત

સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ, ભાવનગરથી પ્રકાશિત થતી સ્વાનુભૂતિપ્રકાશ પત્રિકાના એડ્રેસ સંબંધિત કોઈપણ પ્રકારના ફેરફાર, નામ ઉમેરો અથવા કેન્સલ કરવા માટે નીચેના નંબર ઉપર ગ્રાહક નંબર લખી વોટ્સ એપ કરવા વિનંતી. પ્રશાંતભાઈ જૈન, મો. ૯૩૭૭૧૦૪૮૬૮

## પ્રકાશન

પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા લિખિત ચિંતન કણિકાઓનું પુસ્તક 'અનુભવ સંજીવની' ગુજરાતીમાં તથા 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' (ગુજરાતી તથા હિન્દી) પુનઃ પ્રકાશનાર્થે પ્રેસ ઉપર મોકલવામાં આવેલ છે. જેની મુમુક્ષુભાઈઓએ નોંધ લેવા વિનંતી.



## ‘દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ’માંથી શ્રી નિહાલચંદ્ર સોગાનીજી દ્વારા સાધર્મીઓને લખાયેલ આધ્યાત્મિક પત્ર

(૩૪)

કલકત્તા
૩૦-૧૨-૬૨

**શ્રી સદ્‌ગુરુદેવાય નમઃ**

**ધર્મસ્નેહી.... શુદ્ધાત્મસત્કાર.**

આપનો તા. ૨૪-૧૨નો પત્ર મળ્યો.

આપે વાંચનવિચારણા માટે લખ્યું તો ત્રિકાલી અખંડ જ્ઞાનાનંદ સ્વભાવમાં અસ્તિત્વરૂપી શ્રદ્ધાની યથાર્થ વ્યાપકતા નિરંતર કાયમ રહે, જેના અનુભવમાં પરિણામમાત્રના અકર્તાપણાનો સહજ અનુભવ થતો રહે; પરિણામનો કર્તા પરિણામ અંશ છે, હું ત્રિકાળી અંશ નહિ.

આ પ્રકારના એક જ સમયમાં પરિણામના કર્તા અને અકર્તાપણાના અનુભવની વૃદ્ધિ થતાં થતાં પૂર્ણ જ્ઞાનનો સહજ જ અનુભવ થશે. આ જ વાંચન તેમ જ વિચારણા છે.

આશા છે કે આપ પણ આત્મસ્વાસ્થ્યની સહજ વૃદ્ધિ કરતા રહેશો. અહીંને યોગ્ય કાર્ય લખશો.

**ધર્મસ્નેહી નિહાલચંદ્ર**

(૩૫)

કલકત્તા
૨૧-૧-૬૩

**આદરણીય શ્રી સેઠીજી સા. સાદર જયજિનેન્દ્ર.**

આશા છે કે આપ ત્યાં કુશળ હશો. કેટલાક દિવસ પહેલાં આપનું કાર્ડ સમયસર મળ્યું હતું. આશા છે કે અધ્યયન વગેરે ચાલી રહ્યું હશે. નિવૃત્ત જીવનમાં પહેલાંની અપેક્ષાએ માનસિક બોજો હળવો માલૂમ પડતો હશે. સોનગઢ તરફ જવાનો પ્રોગ્રામ ક્યારનો છે? ધાર્મિક ગ્રંથોમાં ક્યા ક્યા ગ્રંથોનો સ્વાધ્યાય ચાલી રહ્યો છે?

જ્ઞાનભંડાર આત્મામાંથી જ્ઞાન ઊઘડતું રહે છે, શાસ્ત્રોથી નહીં; એ અલૌકિક સિદ્ધાંત વિચારણીય છે. ભવિષ્યની ક્ષણમાં કેવા પરિણામ થશે તેનું વર્તમાન ક્ષણમાં આપણને જ્ઞાન નથી, તો ભવિષ્યને માટે શા ખાતર વ્યર્થની કલ્પના! પરિણામથી અલગ શરીરાદિ ક્રિયામાં તો આપણું કોઈ કર્તૃત્વ છે જ નહિ, તો પછી એને આશ્રિત વિભાવપરિણામોનો વ્યર્થ બોજો શા માટે લાદવામાં આવે! ઉદ્દેશ્યનો નિર્ણય કરવો સહજ છે; પરંતુ તેની પ્રાપ્તિમાં વધુ સમય લાગે છે. યથાર્થ નિર્ણય પછી જ યથાર્થની પ્રાપ્તિ થાય છે. અનુભૂતિ જ યથાર્થ નિર્ણયની નિઃશંકતા બતાવી શકે છે. કેમકે આપનો સમય હવે અધ્યાત્મ તરફ વધુ લાગશે, એથી થોડીક વાતો સહજ જ ઉપર લખી છે.

આગળનો પ્રોગ્રામ જણાવશો.

**શુભૈષી**
**નિહાલચંદ્ર સોગાની**

(૩૬)

કલકત્તા
૨૭-૨-૬૩

**શ્રી સદ્‌ગુરુદેવાય નમઃ**

**આત્માર્થી... ધર્મસ્નેહ, સોનગઢ.**

માલૂમ પડે છે કે, કારણવશ નિહાલભાઈને ક્ષણિક વ્યવહારથી વિરક્તિ થઈ ગઈ છે. વિરક્તિ તો સદાય ઉપાદેય જ છે અને સહજ વિરક્તિ મુમુક્ષુઓનું ધ્યેય પણ છે.

પૂજ્ય 'ગુરુદેવશ્રી'ની આંખમાં નીડલીંગની (Needing) જરૂરત નથી એ જાણીને આનંદ થયો, અને પૂજ્યશ્રીનો ફાગણ સુદ ૬ થી ત્રણ મહિના માટે સૌરાષ્ટ્રમાં વિહાર થશે એ જાણ્યું. પુણ્યયોગ હોવાથી તેમનાં દર્શન અને પ્રવચનનો ફરી લાભ મળી શકશે.

તમે આપેલા 'બનારસીવિલાસ' નામક પુસ્તકનું વાંચન ચાલી રહ્યું છે તેમાં લખ્યું છે કે :

'એક નિગોદ શરીર મેં, એતે જીવ વખાન,
તીન કાલ કે સિદ્ધ સબ, એક અંશ પરિમાન.'
'સો પિંડ નિગોદ અનંત રાસ, જિય રૂપ અનંતાનંત ભાસ,
ભર રહે લોક નભ મેં સદીવ, જ્યોં ઘડા માંહિ ભર રહે ઘીવ.'
(એક નિગોદ શરીરમાં, એટલા જીવ કહેવાય;
ત્રણ કાળના સિદ્ધ સર્વ, એક અંશ પરિમાણ.
તે પિંડ નિગોદ અનંતરાશિ, જેનું રૂપ ભાસે અનંતાનંત,
ભર્યા રહે લોકાકાશમાં સદા, જેમ ઘડામાં ભર્યું રહે છે ઘી.)

કેવલીગમ્ય આ અનંતતા સાધકના અનુમાનગમ્ય જ્ઞાનમાં પ્રત્યક્ષવત્ હોય છે. નિઃકંપ, ગંભીર, ધ્રુવસ્વભાવના આશ્રયે સહજ ઊંડે ઊંડે ઊતરતાં ઊતરતાં આ જ્ઞાન આપણને બધાને પ્રત્યક્ષ થાઓ એ જ ભાવના.

**ધર્મસ્નેહી નિહાલભાઈ**

(૩૭)

કલકત્તા
૧૧-૩-૬૩

**શ્રી સદ્‌ગુરુદેવાય નમઃ**

**શ્રી સેઠીજી સા. સાદર જયજિનેન્દ્ર.**

આપનો પત્ર મળ્યો હતો. આશા છે કે આપ હવે બિલકુલ સ્વસ્થ હશો. 'જ્ઞાન-જ્ઞેયસ્વભાવ' પુસ્તક સારું છે. અખંડ ત્રિકાલી જ્ઞાનસ્વભાવ (આત્મા)ને જ્ઞેય બનાવીને એના આશ્રયે એકાગ્ર થયેલા જ્ઞાન-પરિણામ વિભાવ અંશથી ભિન્ન રહેતાં, વિભાવને પરજ્ઞેયની જેમ જાણે-દેખે છે. આ જ ભેદજ્ઞાન છે. સાધકને એક જ સમયમાં એક જ પરિણામમાં બંને પ્રકારના જુદા જુદા અનુભવ થાય છે અને આકુલિત વિભાવ અંશથી અનાકુલ જ્ઞાનભાવના ભિન્ન સ્વાદનું પ્રત્યક્ષ અંતર ભાસે છે.

હાલ 'ગુરુદેવ' સોનગઢથી રાજકોટ ગયા છે. ઓછામાં ઓછું એક મહિના સુધી આપ તેમની નજીક રહેવાનો પ્રોગ્રામ બનાવી લો તો અત્યધિક સાર્થક થશે.

અહીંને યોગ્ય કાર્ય લખશો. શુભૈષી **નિહાલચન્દ્ર**

## પૂજ્ય બહેનશ્રીની વીડિયો તત્ત્વચર્ચા
## મંગલ વાણી–સીડી–૨ A



**પ્રશ્ન :–** માતાજી! એક પ્રશ્ન છે. દૃષ્ટિના વિષયભૂત જ્ઞાયક આત્માનો આશ્રય કરીને પર્યાયમાં ચિન્માત્ર આત્મા. એટલે દ્રવ્ય-ગુણ અને પર્યાય ત્રણેથી એક જ્ઞાનમાત્ર આત્મા એવો અભેદ આત્માનો જે અનુભવ થયો એમાં રાગ પણ નથી અને ભેદ પણ નથી. કર્તાકર્મનો ભેદ પણ છૂટી ગયો અને રાગ પણ નથી. એમાં આત્માનો જે અનુભવ થયો એ આત્મા શુદ્ધનયનો વિષય ગણાય?

**ઉત્તર :—** શુદ્ધનયનો વિષય છે એમાં ભેદ નથી પડતો. દ્રવ્ય-ગુણ-પર્યાયમાં ભેદ નથી પડતો. એ વિષય શુદ્ધનયનો છે. એ અનુભવ થયો એવી સ્વાનુભૂતિ થઈ. જે કહો તે બધો શુદ્ધનયનો વિષય છે.

**પ્રશ્ન :—** શુદ્ધનયનો વિષય છે તો તે આશ્રય કરવાનું જે કહેવાય અથવા તો દૃષ્ટિનો વિષય અને આમાં ફરક ખરો કે એક જ ગણાય?

**ઉત્તર :–** જે દૃષ્ટિનો વિષય સવિકલ્પદશામાં હતો દૃષ્ટિનો વિષય તે જ એને વિષય સ્વાનુભૂતિનો છે. એમાં વિકલ્પ છૂટી ગયા છે. એનો વિષય એમ ને એમ છે. એના વેદનમાં પર્યાયને બધું વેદનમાં આવે છે. એમાં એની નિર્વિકલ્પ પર્યાય છે તે પ્રગટ થઈ છે. વિષય તો એકનો એક રહ્યો છે. વિષય નથી બદલાણો. જે સવિકલ્પદશામાં જે દ્રવ્યનો વિષય કર્યો હતો તે જ વિષય એને સ્વાનુભૂતિમાં છે. એની જે દૃષ્ટિ છે એ તો એમ જ છે. પણ એનું વેદન સ્વાનુભૂતિમાં નિર્વિકલ્પરૂપે એને સ્વાનુભૂતિનું વેદન થાય છે. અને એ વેદન એને જ્ઞાનમાં બધું ગ્રહણ થાય છે. એના ગુણો, એની પર્યાયો બધું એને જ્ઞાનમાં જણાય છે. એનું વેદન થાય. વિષય એક મુખ્યપણે દ્રવ્ય આશ્રિત છે એનો છે. અને બધું એમાં જણાય છે. વિકલ્પ નથી. સહજપણે. જે મુખ્ય છે તે મુખ્ય જ છે અને જે બધું વેદનમાં છે તે એમ જ છે. એ નિર્વિકલ્પરૂપે છે.

**પ્રશ્ન :–** દૃષ્ટિનો વિષય અભેદ આત્મા હતો. દૃષ્ટિએ અભેદ આત્માનો આશ્રય કર્યો અને અનુભવ થયો. અનુભૂતિમાં દ્રવ્ય, ગુણ અને પર્યાય. ચેતન દ્રવ્ય, ચેતન ગુણ એવો ભેદ પણ છૂટી ગયો. કર્તા-કર્મનો ભેદ પણ વિલય પામ્યો, જ્ઞાતા, જ્ઞેય બધું છૂટી ગયું.

**ઉત્તર :–** બધો ભેદ વિલય પામ્યો.

**પ્રશ્ન :–** ચિન્માત્ર આત્મા એવો એને અનુભવ થયો.

**ઉત્તર :–** એકલો આત્મા છે.

**પ્રશ્ન :–** તો એને શુદ્ધનયનો વિષય ગણાય. જો શુદ્ધનયનો વિષય ગણાય તો એ આલંબનનો વિષય કહેવો એ ખરું કે નહિ?

**ઉત્તર :–** આલંબનનો વિષય એક દ્રવ્ય છે મુખ્ય તો. આ બધું એના વેદનમાં છે. ચિન્માત્ર એકલું છે. ભલે એ શુદ્ધનયનો વિષય કહ્યો. ત્યાં એ જે સ્વાનુભૂતિનો શુદ્ધનય કહેવામાં આવે છે તે પરિણતિસહિત અને બધું. એને શુદ્ધનય કહો કે સ્વાનુભૂતિ કહો. બધું એમ કહીને કહેવામાં આવે છે. તે શુદ્ધનય છે. અને એકલો દ્રવ્યનો આશ્રય કરીને શુદ્ધનય કહેવામાં આવે છે કે દ્રવ્યનો જ વિષય કરે છે, શુદ્ધનય દૃષ્ટિનો વિષય છે. આ પરિણતિ સહિતની જે શુદ્ધનય છે એમ એવી રીતે એને સ્વાનુભૂતિ કહો કે શુદ્ધનય કહો, બધું એમ કહેવા માગે છે. અને એમાં દ્રવ્ય-

ગુણ-પર્યાય અભેદ એટલે એને ચિન્માત્ર એકલું ચૈતન્યમાત્ર રહી ગયું. એમાં ગુણ અને પર્યાયો કાંઈ નથી અને એકલું દ્રવ્ય રહી ગયું એમ નથી. એમાં ગુણો, પર્યાયો બધું છે અને જ્ઞાનમાં બધું જણાય છે. વિષય તો જ્યાં જેમ છે એમ જ છે. વિષય છૂટી નથી જતો. જે મુખ્ય રીતે દ્રવ્ય છે તે એમ જ છે અને ગુણો ને પર્યાયો બધું જેમ છે એમ વેદનમાં આવે છે.

જેમ ચિન્માત્ર છે, એકલું ચિન્માત્ર—ચિન્માત્ર થઈ ગયો એટલે એકલું ચૈતન્યરૂપ છે. એમાં બીજું વિભાવનું રૂપ નથી, વિકલ્પનું રૂપ નથી, કાંઈ નથી. એકલું દ્રવ્ય અને એના અનંતગુણો અને એની પર્યાયો. એકલું ચૈતન્ય જ છે. માટે ચિન્માત્ર કહેવામાં આવે છે. સિદ્ધ ભગવાન એકલા ચૈતન્યરૂપે પરિણમી ગયા, પૂર્ણ વીતરાગરૂપે પરિણમી ગયા. તો એમાં એના દ્રવ્ય, ગુણ અને પર્યાયો બધું છે. એમાં અનંત ગુણો, અનંત પર્યાયો બધું, અનંત આનંદ બધું છે. પણ એ બધું શુદ્ધનયનો વિષય કહેવામાં આવે છે. પણ એ શુદ્ધનય પરિણતિપૂર્વકનો કહેવામાં આવે છે. એનો દૃષ્ટિનો વિષય તો એક દ્રવ્યનો જ આશ્રય છે. એમાં બધું શુદ્ધ થઈ ગયું એટલે એ શુદ્ધનય છે એમ કહેવામાં આવે છે.

**પ્રશ્ન :–** પણ માતાજી એનો અર્થ એ થયો ને કે શુદ્ધનયનો વિષય થયો છતાં દૃષ્ટિનો વિષય અને આ શુદ્ધનયનો જે વિષય અત્યારે પ્રગટ થયો એમાં ફરક છે. દૃષ્ટિનો વિષય કેવળ જ્ઞાયક કે જે અનંતગુણોનો પિંડ એક અભેદ આત્મા છે.

**ઉત્તર :–** એકલો અભેદ આત્મા છે. એમાં એને જે સ્વાનુભૂતિરૂપે વેદન થાય છે એ વિશેષરૂપે થાય છે. સવિકલ્પદશામાં એ સ્વાનુભૂતિ નથી અને અમુક રીતે સ્થિરતા છે, લીનતા છે, સમાધિ છે અને સ્વાનુભૂતિમાં વિશેષ થાય છે. અને તે એને જ્ઞાનમાં બધું જણાય છે. જાણવાનું કામ જ્ઞાન કરે છે. દૃષ્ટિ એક ધ્યેય રાખે છે. એક વસ્તુને ધ્યેયમાં રાખે છે કે વસ્તુ મુખ્ય અસલી સ્વરૂપ શું છે એને એક દૃષ્ટિ એક ધ્યેયમાં રાખે છે. અને બધું જાણવાનું કામ જ્ઞાનનું છે. જ્ઞાન દૃષ્ટિને જાણે છે, જ્ઞાન પોતાને જાણે છે, જ્ઞાન બધા ગુણોને જાણે, જ્ઞાન પર્યાયોને જાણે. જ્ઞાન બધું કરે છે.

**પ્રશ્ન :–** માતાજી! એનો અર્થ એ થયો કે ધ્યાન કરે, દૃષ્ટિના વિષયને ધ્યેય બનાવીને એકાગ્રતાનો પ્રયત્ન કરે એમાં જ્યાં સુધી દ્રવ્ય, ગુણ અને પર્યાય એવો ભેદ પણ લક્ષમાં રહે ત્યાં સુધી એને એકાગ્રતા ન થાય. અર્થાત્ એક જાણનાર જ છે. એવો જ્યાં સુધી જ્ઞાનમાં અનુભવ ન થાય, એકરૂપ એક જાણનારપણે તો ત્યાં સુધી પણ એમાં ભેદ પડે છે અને ભેદ પડે છે એટલે અનુભવ ન થઈ શકે. એનો અર્થ એ થયો કે દૃષ્ટિમાં જ્ઞાયક ધ્રુવને લઈને જ્ઞાનમાં પણ એને અભેદ અનુભવવાનો પ્રયત્ન કરવો. એક જાણનાર જ છે એમ જ્ઞાનમાં પણ અભ્યાસ ન કરે એ જુદી વસ્તુ છે. ભેદ પાડીને અભ્યાસ ન કરે જુદો બધું દ્રવ્ય, ગુણ અને પર્યાય બધા ભેદોને જેમ છે એમ જાણી લે. પણ એવો અનુભવવાના કાળમાં ધ્યાનનો કાળ છે ત્યારે તો જ્ઞાનમાં પણ આ એક જ્ઞાન જ છે...

**ઉત્તર :–** ભેદ પડે તે દ્રવ્ય-ગુણ-પર્યાયનો ભેદ પડે એ ભેદ-વિકલ્પ જે પડે છે એ રાગને લઈને પડે છે. એ જ્ઞાનને જાણવાનું નથી છોડવાનું. એ રાગને લઈને ભેદ પડે છે. એ રાગથી છૂટે એટલે એ રાગ વિકલ્પ છૂટી જાય છે. જાણવાનું નથી છૂટતું કે આ ગુણ છે અને આ ગુણી છે. એવો ભેદ રાગમિશ્રિત જ્ઞાન છે એટલે એવો ભેદ એમાં આવે છે કે હું આ જ્ઞાયક છું, આ પર્યાય છે, આ અધૂરી પર્યાય, આટલી સાધકની પર્યાય, આ રાગની પર્યાય, આમાં ભેદજ્ઞાનની ધારા વહે એ બધું જે જ્ઞાનમાં જણાય છે એ જ્ઞાનનું જાણવાનું, આ હું જાણવાનું છોડી દઉં એ નહિ. રાગ છૂટી જાય એટલે એ સહેજે જ્ઞાનનું રાગમિશ્રિતપણું હોય તે છૂટી જાય. જ્ઞાનનું જાણવાનું જે છે એ તો ગુણ અને પર્યાય એ તો એનું જાણવાનું એમ સ્વાનુભૂતિમાં પણ ઊભું રહે છે. એ જાણવાનું છૂટતું નથી પણ રાગ છૂટે છે. એ દૃષ્ટિનો વિષય એક દ્રવ્યને આલંબન કર્યો, એનો આશ્રય કર્યો. એનો આશ્રય કર્યો એટલે પછી જ્ઞાનને પણ હું આ બધું એક જ ધ્યાનમાં લે એમ નથી. રાગથી છૂટીને સ્વરૂપમાં ઠરવાનો પ્રયત્ન કરે છે. આ જાણું નહિ એમ નહિ. આ રાગની જે અસ્થિરતા થાય છે બહાર ઉપયોગ જવાથી એ અસ્થિર ઘડીમાં વિકલ્પ આવે છે, ઘડીમાં કોઈ વિકલ્પ આવે છે. રાગને લઈને, દ્વેષને લઈને, અનેક જાતના શુભ વિકલ્પ પણ આવે છે.

અમુક જાણવાના વિકલ્પ આવે છે એ વિકલ્પથી છૂટીને બસ હવે બસ થઈ, ઘણું થયું. હવે હું મારા સ્વરૂપમાં ઠરી જાઉં. અને પોતાએ દૃષ્ટિનો વિષય આ આત્મા જે છે એ ધ્યેય કર્યું એ ધ્યેયમાં ઠરી જાય. વિકલ્પથી છૂટવા માગે છે. એ વિકલ્પથી છૂટે એમાં જાણવાનું સહેજે એને ભેદરૂપ ખંડ ખંડ જાણતો હતો એ જાણવાનું સહેજે છૂટી જાય છે. રાગ છૂટે એટલે રાગમિશ્રિત જાણવાનું છૂટે છે. પણ જ્યાં અંદર જાય તો વિકલ્પ છૂટી જાય, નિર્વિકલ્પદશામાં એનું જાણવાનું છૂટી નથી જાતું. એટલે જાણવાનો છોડવાનો પ્રયત્ન નહિ પણ રાગથી છૂટવાનો પ્રયત્ન એ છે.

એ જાણવાનું છૂટતું નથી. જાણવાનું છૂટે તો શૂન્યતા થઈ જાય. જાણવાનું નથી છૂટતું પણ એને રાગથી છૂટી અને આકુળ-વ્યાકુળ થાય છે તે સ્વરૂપમાં સ્થિર થાય છે. આ આત્મા તે જ હું છું. આ કોઈ હું નથી. આ આત્મા તે જ સુખરૂપ એમ વિકલ્પ નહિ. સહેજે એને આત્મામાં શાંતિ લાગે છે એટલે બહારના અનેક જાતના વિકલ્પો રાગમિશ્રિત એનાથી છૂટીને આ ગુણ છે, આ ગુણી છે એ બધી શ્રુતની ઉપાધિ કહેવામાં આવે છે. એ શ્રુતની જે ઉપાધિ છે એનાથી પણ છૂટીને. વિકલ્પસહિત છે માટે રાગમિશ્રિત છે. એટલે એ જ્ઞાન નથી છૂટતું, રાગ છૂટે છે. એટલે અંદરમાં ઠરી રહે છે. એટલે અંદરમાં આકુળતાથી છૂટીને સ્વરૂપમાં લીન થાય છે એટલે વિકલ્પ છૂટી જાય છે. વિકલ્પ છૂટી જાય છે એટલે સ્વરૂપની સ્વાનુભૂતિમાં એ પોતાને જાણે છે, ગુણોને જાણે છે, પોતાના આનંદને જાણે છે. બધાને જાણે છે. એમ ભેદ પાડીને, વિકલ્પ કરીને નથી જાણતો, સહેજે જણાય છે.

કહેવાય છે ને કે શ્રુતની ઉપાધિ સૌ ભિન્ન જાણીએ. ઉપાધિ એટલી નહિ. રાગમિશ્રિત છે માટે એનાથી છૂટે છે. જેમ કે દ્રવ્ય-ગુણ-પર્યાયના વિચારો છે. શુક્લધ્યાન થાય તો દ્રવ્ય-ગુણ-પર્યાયના વિચારો થાય છે તોપણ એમાં એને રાગમિશ્રિત છે. એમાંથી પણ એને ખંડખંડ થાય છે એટલે એમાં સ્થિર થાય છે વધારે. પછી એક ઉપસ્થિત છે. અને એવું શુક્લધ્યાન જામે છે ત્યારે એને કેવળજ્ઞાન પ્રગટ થાય છે. એમાં જ્ઞાન નથી છૂટતું પણ રાગ છૂટે છે. એ રીતે વીતરાગદશાની પ્રાપ્તિ થાય છે એટલે કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે. એ રાગ છૂટીને વીતરાગતા થાય એની સાથે જ્ઞાનને સંબંધ છે. જ્ઞાન નિર્મળ થાય છે. જ્યાં સ્વાનુભૂતિમાં જાય તો એનું જ્ઞાન નિર્મળતાને પામે છે. જેટલે અંશે વીતરાગતા થાય એટલે અંશે જ્ઞાન નિર્મળ થાય છે. આ બહારમાંથી ક્ષયોપશમ જ્ઞાન ખંડખંડ થાય છે. એક એક જ્ઞેયને જાણવા માટે ઊભું રહે છે. એટલે એના ઉપર ધ્યાન આપવા કરતા રાગથી છૂટવાનું છે. પોતાની આસક્તિને લઈને પોતે ક્યાંક ક્યાંક રોકાય છે. આગળ વધી શકતો નથી. પહેલા શ્રુતના વિચારો જાણવા માટે બધું આવે છે કે જ્ઞાનસ્વભાવ આત્માનો નિર્ણય કરીને પછી અંદર મતિશ્રુતનો ઉપયોગ અંદરમાં લઈ જાય છે. એટલે બહારમાં જે ઉપયોગ જાતો હતો એ ઉપયોગને પોતાના સ્વરૂપમાં લીન કરે છે. એટલે આ જાણવાનું છોડી દઉં એમ ઉપયોગને પાછો વાળે છે. જે રાગમિશ્રિત ઉપયોગ બહાર જાય છે એ ઉપયોગને પોતામાં પાછો વાળી અને હું આ ચૈતન્ય જ છું એમ પછી ગુણભેદના, પર્યાયભેદના કે અધૂરી-પૂરી પર્યાયના કોઈ જાતના વિચાર નહિ કરતાં સ્વરૂપમાં સ્થિર થાય છે. એને એટલી આકુળતા લાગે કે હું મારા સ્વરૂપમાં સ્થિર થાઉં. એટલે એને વિચારવાનું અને એ બધું જાણવાનું સહેજે છૂટી જાય છે. રાગમિશ્રિત છે એટલે સહેજે છૂટી જાય છે. અને જે દૃષ્ટિનું ધ્યેય છે તે પ્રમાણે પોતે એમાં સ્થિર થાય છે, એમાં ઠરી જાય છે.

ઓલું એણે દૃષ્ટિને વિષય કર્યો હતો. જે આત્માનો વિષય કરે છે કે આ સ્વરૂપ તે જ હું. એને ધ્યેયમાં રાખ્યું કે ગમે તેવા કાર્યમાં ધ્યેય ન છોડવું. આત્માનો આશ્રય છોડતો નથી. આશ્રય નથી છોડતો અને આ પછી જ્યારે વધારે આગળ જાય (ત્યારે) એમાં ઠરી જાય છે. રાગની આકુળતાથી અંદર ઠરી જાય છે. એટલે એના ઠરવાને લઈને વિકલ્પ છૂટે છે. એટલે જાણવાનું સહેજે જે ચારેકોર ઉપયોગ ફરતો હતો એ ઉપયોગ પોતાના સ્વરૂપમાં જાય છે. સહેજે ઉપયોગને પાછો વાળી દે છે.

*(શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક)*

**૧૯૨**

**મુંબઈ, પોષ સુદ ૧૪, શુક્ર, ૧૯૪૭**

**આયુષ્યમાન ભાઈ,**

આજે તમારું પત્ર ૧ મળ્યું.

તમને કોઈ પણ પ્રકારે પૂર્વાપર ધર્મપ્રાપ્તિ અસુલભ થાય એમ કરીને કંઈ પણ ન કરવા આજ્ઞા હતી; તેમ જ છેવટના પત્તામાં જણાવ્યું હતું કે હાલ એ વિષે કશી તજવીજ કરશો નહીં. જો જરૂર પડશે તો જેમ તમને પૂર્વાપર અસમાધિ નહીં થાય તેમ તે સંબંધી કરવા લખીશ. આ વાક્ય યથાયોગ્ય સમજાયું હશે. તથાપિ કંઈ ભક્તિદશાનુયોગે એમ કર્યું જણાય છે.

કદાપિ તમે એટલું પણ ન કર્યું હોત તો અત્ર આનંદ જ હતો. પ્રાયે એવા પ્રસંગમાં પણ બીજા પ્રાણીને દુભાવવાનું ન થતું હોય તો આનંદ જ રહે છે. એ વૃત્તિ મોક્ષાભિલાષીને તો બહુ ઉપયોગી છે, આત્મસાધનરૂપ છે.

સત્‌ને સત્‌રૂપે કહેવાની પરમ જિજ્ઞાસા જેની નિરંતર હતી એવા મહાભાગ્ય કબીરનું એક પદ એ વિષે સ્મરણ કરવા જેવું છે. અહીં એક તેની માથેની ટૂંક લખી છે :

**''કરના ફકીરી ક્યા દિલગીરી, સદા મગન મન રહેના જી.''**

એ વૃત્તિ મુમુક્ષુઓને અધિકાધિક વર્ધમાન કરવા જેવી છે. પરમાર્થચિંતા હોય એ વિષય જુદો છે; વ્યવહારચિંતાનું વેદન અંતરથી ઓછું કરવું એ એક માર્ગ પામવાનું સાધન છે.

તમે આ વેળા જે કંઈ મારા પ્રત્યે કર્યું છે, તે એક જુદો જ વિષય છે; તથાપિ વિજ્ઞાપન છે કે કોઈ પણ પ્રકારે તમને અસમાધિરૂપ જેવું જણાય ત્યારે એ વિષય પરત્વે અત્ર લખી વાળવું, એટલે યોગ્ય વ્યવસ્થા કરવાનો બનતો પ્રયાસ થશે.

હવે એ વિષયને એટલેથી અહીં મૂકી દઉં છું.

અમારી વૃત્તિ જે કરવા ઇચ્છે છે, તે નિષ્કારણ પરમાર્થ છે; એ વિષે વારંવાર જાણી શક્યા છે; તથાપિ કંઈ સમવાય કારણની ન્યૂનતાને લીધે હાલ તો તેમ કંઈ અધિક કરી શકાતું નથી. માટે ભલામણ છે કે અમે હાલ કંઈ પરમાર્થજ્ઞાની છીએ અથવા સમર્થ છીએ એવું કથન કીર્તિત કરશો નહીં. કારણ કે એ અમને વર્તમાનમાં પ્રતિકૂળ જેવું છે.

તમે જેઓ સમજ્યા છો, તેઓ માર્ગને સાધ્ય કરવા નિરંતર સત્પુરુષનાં ચરિત્રનું મનન રાખજો. તે વિષય પ્રસંગે અમને પૂછજો. સત્શાસ્ત્રને અને સત્કથાને તેમ જ સદ્વ્રતને સેવજો.

**વિ. નિમિત્તમાત્ર**

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (એપ્રિલ-૨૦૧૯)નું શુલ્ક એક મુમુક્ષુ, ભાવનગર તરફથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**




**૧૮૮**

**મુંબઈ, પોષ સુદ ૨, સોમ, ૧૯૪૭**

કહેવારૂપ હું તેને નમસ્કાર હો.

સર્વ પ્રકારે સમાધિ છે.

**૧૮૯**

**મુંબઈ, પોષ સુદ ૫, ગુરુ, ૧૯૪૭**

અલખનામ ધુનિ લગી ગગનમેં, મગન ભયા મન મેરા જી,
આસન મારી સુરત દૃઢ ધારી, દિયા અગમ ઘર ડેરા જી.
દરશ્યા અલખ દેદારા જી.

**૧૯૦**

**મુંબઈ, પોષ સુદ ૯, ૧૯૪૭**

ચિ. ત્રિભોવનનું લખેલું પત્ર ગઈ કાલે મળ્યું. તમને અમારાં એવા વ્યાવહારિક કાર્ય-કથનથી પણ વિકલ્પ ન થયો એ માટે સંતોષ થયો છે. તમારે પણ સંતોષ જ રાખવો.

પૂર્વાપર અસમાધિરૂપ થાય તે ન કરવાની શિક્ષા પ્રથમ પણ આપી છે. અને અત્યારે પણ એ શિક્ષા વિશેષ સ્મરણમાં લેવી યોગ્ય છે. કારણ એમ રહેવાથી ઉત્તરકાળે ધર્મપ્રાપ્તિ સુલભ થાય.

જેમ તમને અસમાધિ પૂર્વાપર પ્રાપ્ત ન થાય તેમ આજ્ઞા થશે. ચુનીલાલનો દ્વેષ ક્ષમા કરવા યોગ્ય છે.

વખતોવખત કુંવરજીને પત્ર લખવા તે લખે છે માટે લખશો.

**વિ. રાયચંદના પ.**

**૧૯૧**

**મુંબઈ, પોષ સુદ ૧૦, સોમ, ૧૯૪૭**

**મહાભાગ્ય જીવન્મુક્ત,**

આપનું કૃપાપત્ત્તું આજે ૧ આવ્યું. તે વાંચી પરમ સંતોષ થયો.

પ્રશ્નવ્યાકરણમાં સત્યનું માહાત્મ્ય વાંચ્યું છે. મનન પણ કરેલું હતું. હાલમાં હરિજનની સંગતિના અભાવે કાળ દુર્લભ જાય છે. હરિજનની સંગતિમાં પણ તે પ્રત્યે ભક્તિ કરવી એ બહુ પ્રિય છે.

આપ પરમાર્થ માટે જે પરમ આકાંક્ષા રાખો છો, તે ઈશ્વરેચ્છા હશે તો કોઈ અપૂર્વ વાટેથી પાર પડશે. જેઓને ભ્રાંતિથી કરી પરમાર્થનો લક્ષ મળવો દુર્લભ થયો છે એવા ભારતક્ષેત્રવાસી મનુષ્ય પ્રત્યે તે પરમકૃપાળુ પરમકૃપા કરશે; પરંતુ હમણાં થોડો કાળ તેની ઈચ્છા હોય તેવું જણાતું નથી.

(અનુસંધાન પાના નં.૧૮ પર...)